# હિંમતનગરમાં મેડીકલ કૉલેજનું લોકાર્પણ

હિંમતનગર, તા. ૧૦

ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રીર્સચ સોસાયટી ખછજ મેડિકલ કોલેજનું હિંમતનગરમાં લોકર્પણ કર્યુ હતું. રૂ ૨૪૦ કરોડના ખર્ચે નિર્મિત આ મેડિકલ કોલેજ સાથે વિધાર્થીઓ વિધાર્થીનીઓ માટેની હોસ્ટેલ તથા સ્ટાફ કવાર્ટસના ઉદઘાટન પણ તેમણે તકતી અનાવરણ ધ્વારા કર્યા હતા

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે તબીબી શિક્ષણના શોધ સંશોધન અધતન સારવાર સુવિધા જ્ઞાનથી તબીબી વિધાર્થીઓ સજ્જ થઇ આવાનાર સમયના પડકારો સાથે તાલમેલ સાધવા સક્ષમ બને તેવુ આહવાન કર્યુ છે તેમણે તબીબી શિક્ષણ સાથે સંકળાયેલા પ્રાધ્યાપકો, પ્રોફેસરો તજજ્ઞો પણ નાવિન્યપૂર્ણ જ્ઞાન વિજ્ઞાનથી માહિતગાર અપડેટ રહીને ભવિષ્યના શ્રેષ્ઠ તબીબોના નિર્માણનું દાયિત્વ નિભાવે તેવો અનુરોધ કર્યો હતો

૧૫૦ વિધાર્થીઓની બેઠક ક્ષમતા ધરાવતી આ મેડિકલ કોલેજની પ્રથમ બેચમાં ૧૨૭



વિધાર્થીઓ તબીબી શિક્ષણ મેળવી રહયા છે.

મુખ્યમંત્રીએ રોગ મુકત તંદુરસ્ત સ્વસ્થ સમાજ જીવન માટે રાજયમાં પહેલરૂપે પબ્લિક હેલ્થ યુનિવર્સિટી શરૂ કરી છે તેની ભુમિકા આપી હતી. તેમણે કહ્યુ કે રોગ વધે તે પહેલા તેના ઉપચાર અને નિવારણના પ્રિવેન્ટીવ હેલ્થ કેર માટે રાજય વ્યાપી આરોગ્ય રક્ષા અભિયાનો ડાયબિટીસ નિદાન, બ્રેસ્ટ સર્વાઇકલ કેન્સર પરીક્ષણ, વાંકા ચુંકા પગ વગેરેની સારવાર સ્કિનિંગનો લાભ જરૂરતમંદ અવશ્ય લે તેમ જણાવ્યું હતું. ઓછા ખર્ચે અધતન સારવાર મળી રહે તેવું સેવા દાયિત્વ અમે જનસેવાના શાસન અભિગમ સાથે સામે ચાલીને આપીઇએ છીએ તેમ પણ તેમણે ઉમેર્યુ હતું.

આરોગ્ય મંત્રી નીતિનભાઇ પટેલે ગુજરાતનના તબીબી શિક્ષણ સુવિધા વિધાર્થીઓ યુવાવર્ગોને ઘર આંગણે મળતી થાય તેવી નેમ સાથે તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદષ્ટીની સરાહના કરી હતી તેમણે કહ્યુ કે આરોગ્ય સેવાની ઉપેક્ષિત સ્થિતિ નિવારવા તથા યુવા વર્ગોને શ્રેષ્ઠ મેડિકલ એજયુકેશન રાજય માં મળે તે માટે ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીર્સચની સ્થાપના કરીને આરોગ્ય વિભાગ ધ્વારા તબીબી શિક્ષણ કોલેજો શરૂ કરવાની પહેલ ગુજરાતે કરી છે. આરોગ્ય મંત્રીએ ભૂતકાળના શાસકોઓએ તબીબી શિક્ષણની પૂરતી સવલતો ઉભી ન કરી અને પરીણામે મોંધી ફી ડોનેશન આપી અન્ય રાજયામાં તબીબી અભ્યાસ માટે યુવાવર્ગો જવું પડતું તેની આલોચના કરી હતી.



પાવન પર્યુષણના પ્રારંભ સાથે જ જૈન શ્રાવકો દેરાસર પહોંચી પૂજન-અર્ચન કર્યા હતા. ગાંધીનગર - અમદાવાદના જૈન પરિવારો દેરાસરમાં આચાર્ય મહારાજ સાહેબના પ્રવચનો અને ભગવાન મહાવીરની મૂર્તિનો અભિષેક કર્યો હતો.

# ગુજરાતભરમાં ભાજપ દ્વારા વિજય વિશ્વાસ સંમેલનો યોજાશે

## સ્થાનિક સ્વરાજની ચુંટણીના ભાગરૂપે આયોજિત કાર્યક્રમ દરમિયાન ટોચના પદાધિકારીઓ કાર્યકરોને સંબોધન કરશે

અમદાવાદ, તા.૧૦

ભાજપ પ્રદેશ પ્રવક્તા આઈ કે જાડેજાએ આજે જણાવ્યું હતું કે, પ્રદેશ ભાજપા દ્વારા આગામી તારીખ ૧૨ થી ૧૯ સપ્ટેમ્બર દરમ્યાન રાજયભરમાં જીલ્લા મહાનગર મથકે વિજય વિશ્વાસ સંમેલન યોજવામાં આવશે.

જાડેજાએ જણાવ્યું હતું કે, આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ- જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા અને મહાનગર- પાલિકાઓની ચૂંટણીઓના ભાગરૂપે રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરશોત્તમભાઈ રૂપાલા, પ્રદેશ અધ્યક્ષ આર.સી.ફળદુ, પ્રદેશ ભાજપાના પદાધિકારીઓ સહિત અગ્રણીઓ તથા રાજય સરકારના મંત્રીઓ જીલ્લા મહાનગર મથકે યોજાનારા આ વિજય વિશ્વાસ સંમેલનમાં કાર્યકર્તાઓને સંબોધશે. જાડેજાએ ઉમેર્યું હતું કે, વિજય વિશ્વાસ સંમેલનમાં જીલ્લા મહાનગરમાં સંગઠન તથા મંડલ સ્તરના સંગઠનના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે. આ વિજય વિશ્વાસ સંમેલનમાં કેન્દ્ર-રાજય સરકારની સિદ્ધિઓ ઉપરાંત સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ભાજપાએ કરેલા પ્રજાહિત અને જનસુખાકારીના કાર્યોનું કાર્યકર્તાઓને માર્ગદર્શન આપવામાં આવશે. રાજયમાં છેલ્લા ૧૩ વર્ષથી સાતત્યપૂર્ણ વિકાસ કાર્યો કરતી ભાજપાની રાજય સરકારને સમયે-સમયે યોજાયેલી વિધાનસભા, લોકસભા તથા સ્થાનિક સ્વરાજયની સામાન્ય, પેટા ચૂંટણીઓમાં ભાજપાને સમર્થન આપી રાજયની પ્રજાએ ભાજપામાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે. જાડેજાએ અંતમાં જણાવ્યું હતું કે, ભાજપા સ્થાનિક સ્વરાજયની આ ચૂંટણીઓમાં પ્રજાજનોના વિશ્વાસ અને વિજયની પરંપરા આગળ વધશે.



(તસવીર : કશ્યપ નીમાવત)

શહેરમાં અકસ્માતોની પરંપરા દિવસ દરમ્યાન ક્યાંક ને ક્યાંક ચાલ્યા જ કરે છે. પરંતુ રાત્રી દરમ્યાન પણ અકસ્માતો સર્જાય તેવા સમયે ટ્રાફિક નિયમન વિશે વધુ સજાગતા જરૂરી છે. બુધવાર રાત્રે ૮.૪૫ કલાકે ઘ-૪ સર્કલ પાસે રાહદારીને બચાવવા જતા રીક્ષા પલટી ખાઈ ગઈ હતી. રીક્ષાને નુકશાન થયું. બંનેમાંથી કોઈને મોટી ઈજાઓ થઈ નથી. થોડીકવારમાં લોકોનું ટોળુ એકત્રિત થઈ ગયુ. બંને પક્ષે 'વાંક કોનો' છે નક્કી થઈ શક્યુ નહી. થોડીવાર ગરમા ગરમી ચાલી પછી સૌ પોતપોતાની વાટે ચાલી ગયા.

# સે- ૮ માં આદર્શ નિવાસી શાળાને અનુલક્ષી નવુ બિલ્ડીંગ બનશે

ગાંધીનગર તા ૧૦

શહેરના સેકટર- ૮માં આદર્શ નિવાસી શાળાને અનુલક્ષી કુમાર તેમજ અને કન્યા છાત્રાલય માટે નવુ બિલ્ડીંગ બનશે. નવા બિલ્ડીંગના નિર્માણ માટે રૂ- ૭. ૩૭ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ કામગીરીને અનુલક્ષી ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવશે.

ગાંધીનગરમાં સે-૮ ખાતે આદર્શ નિવાસી શાળાના સંકુલમાં નવુ બિલ્ડીંગ બાંધવામાં આવશે. આ માટે પાટનગર યોજના ભવન દ્વારા પ્રોજેકટ તૈયાર કરી દેવામાં આવ્યો છે. જયારે વિભાગ કક્ષાએથી આ પ્રોજેકટને મંજુરી પણ આપી દેવામાં આવી છે. સેકટર -૮ ના આદર્શ નિવાસી શાળાના કેમ્પસમાં જરૂરી સુધારા અને રીનોવેશન ઉપરાંત નવુ બિલ્ડીંગ બાંધવામાં આવશે. બે માળના આ બિલ્ડીંગમાં સઘળી સુવિધાઓ ઉભી કરવામાં આવશે. કુમાર અને કન્યા છાત્રાલય માટે નવુ બિલ્ડીંગ બનાવવા માટે ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. જેના અંતે ટુંકમાં કામ શરૂ કરવામાં આવશે.

# આસેડા ગામની દૂધ મંડળીમાં ૪૮ કલાકની તાળાબંધી બાદ 'ઘીના ઠામમાં ઘી'

ડીસા, તા. ૧૦

ડીસા તાલુકના આસેડા ગામે આવેલી દૂધમંડળી માં બે દિવસ અગાઉ દૂધ ઉત્પાદકોએ તાળાબંધી કરી હતી, જેમાં રોષે ભરાયેલા ગામના દૂધ ઉત્પાદકો નો આક્ષેપ છે કે મંડળી ના મંત્રીએ તેમને હિસાબ ચુકવણી બાબતમાં વિશ્વાસમાં રાખી સહી અંગુઠા કરાવી બાકી નીકળતી રકમ ની જગ્યાએ અડધી રકમ ચૂકવી રજીસ્ટરમાં અડધી રકમની જગ્યાએ પૂરી રકમ ઉધારી ગામના અંદાજીત ૯૦૦ જેટલા દૂધ ઉત્પાદકો સાથે વિશ્વાસઘાત કર્યાનો આક્ષેપ કર્યો હતો. જેમાં રોષે ભરાયેલા દૂધ ઉત્પાદકો એ ૪૮ કલાક બાદ પણ વિવાદ ચાલુ રહેતા અને શુલેહ ભંગની પરીસ્તીથી સર્જાતા આજે ડીસા તાલુકા પોલીસ દોડી આવી હતી, અને બન્ને પક્ષો વચ્ચે સમાધાનકારી પ્રયાસો હાથ ધર્યા હતા .

બનાસકાંઠા જીલ્લામાં ડીસા તાલુકા ના આસેડા ગામે આવેલી અને છેલ્લા ૧૨ વર્ષથી કાર્યરત બનેલી તેમજ ૯૦૦ થી વધુ દૂધ ઉત્પાદકો ધરાવતી ધી આસેડા દૂધ ઉત્પાદક સહકારી મંડલી માં આજે દૂધ ઉત્પાદકોએ મંત્રી દ્વારા તેમને ચૂકવાયેલ રકમ માં ગોટાળા કરી /છેતરપીંડી કરી હોઈ તપાસ ની માંગ સાથે આજે મંડળીમાં બે દિવસ અગાઉ તાળાબંધી કરતા ભારે હંગામો સર્જાયો હતો.

ગામના દૂધ ઉત્પાદકોનો રોષ સાથે આખું ગામ જોડાયું હતું જેમને દૂધ મંડળી ખાતે જમા થઈ તેમની સાથે લાખોની થયેલી ઠગાઈ સામે વળતર અને ન્યાય માંગતા મામલો ગરમાયો હતો જેમાં મોટી સંખ્યામાં એકઠા થયેલા દૂધ ઉત્પાદકોએ આજે ગામમાં દુકાનો અને ધંધા રોજગાર બંધ કરાવ્યા હતા જોકે પરીસ્તીથી વકરે તે પહેલા ડીસા તાલુકા પી. એસ. આઈ. એમ. એન. દેસાઈ અને તેમની ટીમે ઘટનાસ્થળે પહોચી હતી. અને બન્ને પક્ષોના આગેવાનો તેમજ દૂધ ઉત્પાદકો વચ્ચે સમાધાન અને સુલેહ થાય તેવા પ્રયાસો હાથ ધર્યા હતા, જોકે જેમની ઉપર ઠગાઈના આક્ષેપોનો મારો ચાલુ છે તેવા દૂધ ડેરીના મંત્રી અમરતભાઈ જોરાભાઈ દેસાઈએ આ આક્ષેપો ફગાવી ગામના કેટલાક ચોક્કસ લોકો તેમને રાજકીય કાવાદાવાએ નિશાન બનાવી રહ્યાનું જણાવ્યું હતું .

જયારે આ સમગ્ર મામલામાં બે જૂથો આમને સામને આવે તેવી પરીસ્તીથી સર્જાતા આજે ડીસા તેમજ ગળગ પોલીસ મથકના પોલીસ કારમી આસેડા પહોચ્યા હતા, અને આ સમગ્ર મામલામાં દૂધ મંડલી સાથે સંકળાયેલા બન્ને પક્ષો નો આક્રોશ શાંત પાડવા પ્રયત્નો કર્યા હતા. જોકે તેમાં મહદ અંશે પોલીસ સફળ રહેતા હાલ પુરતો આ મામલો શાંત પડેલ છે. તેવું ડીસા તાલુકા પોલીસ મથકના પી. એસ. આઈ. એમ. એન. દેસાઈએ જણાવ્યું હતું .

# મોડાસાની પી.જી.ડી.સી.એ કોલેજમાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૧૦

મોડાસાની ડૉ. એન. જે. શાહ પી.જી.ડી.સી.એ કોલેજમાં જે.સી.આઈ. વિક સેલિબ્રેશનનો ઉદ્ઘાટન સમારંભ તેમજ મહિલા સશક્તિકરણનો કાર્યક્મ યોજાયો હતો. કાર્યક્રમમાં વિધાર્થીઓને સંપુર્ણ કાયદાઓની માહિતી ડૉ. એ.એમ. શ્રોફ લો કોલેજના અધ્યાપકે પુરી પાડી હતી. આ કાર્યક્રમમાં જે.સી.આઈ. ઝોન ૮ના વાઈસ પ્રેસિડેન્ટ જે.સી. હિરેન શાહ, મોડાસા જે.સી.આઈ.ના પ્રેસિડેન્ટ જે.સી. ડૉ,. સંતોષભાઈ દેવકર, કોલેજના માનદ્ મંત્રી જે.સી. સુરેન્દ્રભાઈ જે. શાહ, બી.સી.એ. કોલેજના કા. આચાર્ય ડૉ. ભદ્રેશભાઈ પટેલ તેમજ ડૉ. એન.જે. શાહ, પી.જી.ડી.સી.એ કોલેજના કા. આચાર્ય જે.સી. પરિમલભાઈ એમ. શાહ હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના શૈક્ષણિક સ્ટાફ કમિટી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના સફળ આયોજન બદલ કોલેજના માનદ્ મંત્રીએ આચાર્ય તેમજ સ્ટાફ મિત્રોને અભિનંદન પાઠવ્યા હતા.

# મોડાસામાં બમ્પ માટે રહીશો રસ્તા પર ઉતર્યા

મોડાસા, તા.૧૦

લોકોના હિતમાટે અને અકસ્માતો થતા નિવારવા માટે નેશ્નલ હાઈવે અથવા રાજય માર્ગો ઉપર તંત્ર



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

દ્વારા બમ્પ મુકવામાં આવતા હોય છે. જેના કારણે આવતા જતા સાધનો તેની મર્યાદિત સ્પીડમાં રહીને ચાલે જેથી કરીને શાળાઓ, હોસ્પિટલો અથવાતો જાહેર સ્થળો ઉપર વાહનોને સ્પીડને કંટ્રોલ કરવા માટે બમ્પ મુકવા જરુરી બની ગયા છે .

અરવલ્લી જીલ્લાનુ મુખ્ય મથક એવુ મોડાસા શહેર રાત દિવસ ધમધમતુ રહે છે ત્યારે શહેરની વચ્ચે થી નેશ્નલ હાઈવે એવો રાજસ્થાન - શામળાજીઅને બીજી બાજુ હિંમતનગર થી પ્રવેશતા વાહનો ડીપ વિસ્તારમાં પ્રવેશ થઈ શહેર માં પ્રવેશતા હોઈ છે. ત્યારે આજ થી બે વર્ષ પહેલા માઝુમ બ્રીજ નુ નવીની કરણ કરવામાં આવ્યુ તે વખતે બ્રીજ ની સાથે રોડ નુ પણ નવીની કરણ કરવામાં આવ્યુંહતુ. અને આ રોડના નવીની કરણ થવા ના કારણે બમ્પ રોડમાં દટાઈ ગયા હતા. જયારે આ ડીપ વિસ્તારના રોડ પર કેટ કેટલી હોસ્પિટલો, શાળાઓ, કોલેજો, તથા હોસ્ટેલો પણ આવેલી છે. જેના કારણે રાહદારીઓની અવર જવર મોટી સંખ્યામાં રહેતી હોવાથી હિંમતનગર અથવાતો શામળાજી તરફથી પુર ઝડપે આવતા વાહનો થી રાહદારીઓ અથવાતો શાળાના બાળકો ને કેટલીક વખત અકસ્માતો નડયા છે. ત્યારે ત્યાના નાગરીકો અને વેપારીઓ આજ રોજ ડીપ વિસ્તારમાં રોડ રોકી બમ્પ બનાવવબ માટે આંદોલન શરુ કર્યુહતુ.

# આતરસુંબામાં જમીન બાબતે ઝઘડો થતાં ચાર વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૧૦

વિજયનગર તાલુકાના આતરસુંબા ગામે જમીન બાબતે એક ખેડૂત સાથે અન્ય ચાર જણાને ઝઘડો થતાં ખેડૂતને ઇજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી આ ખેડૂતે ચાર જણા વિરુદ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## હેલ્પલાઈનનો પ્રારંભ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફાઉન્ડેશનના સહયોગથી ગાંધીનગર-અમદાવાદ વિસ્તારમાં ચોવીસ કલાક કાર્યરત રહેતી જીવન આસ્થા હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. આ હેલ્પલાઈન માટે મનોવિજ્ઞાનનો અભ્યાસ કરેલા તથા અનુભવી કાઉન્સેલરોની ભરતી કરી તાલીમ આપવામાં આવી છે. જે ફોન પર કાઉન્સેલીંગ કરીને લોકોને તણાવમુક્ત કરશે. તે ઉપરાંત વધુ માર્ગદર્શનની આવશ્યકતા હશે તેવા કિસ્સામાં નિષ્ણાંત મનો વૈજ્ઞાનિક તરફ ફોન ડાયવર્ટ કરવામાં આવશે. ફોન કરનાર વ્યક્તિની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે. અને ચોવીસ કલાક આ હેલ્પલાઈનની સેવા લઈ શકાશે. ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૩૩૩૦ જીવન આસ્થા હેલ્પલાઈન માટે નિયત કરવામાં આવ્યો છે.

માણસામાંથી ૩૬૪૨ અને કલોલમાંથી ૩૯૨૬ અરજીઓ મળી હતી.

ગાંધીનગર (ઉ)માં નામ કમી કરવા માટે ૭૫૭૮ અરજીઓ મળી હતી. જ્યારે તેની સામે નામ દાખલ કરવા માટે ૭૧૮૧ અરજીઓ મળી હતી. આમ ગાંધીનગર (ઉ)ની બેઠક પર નામ કમી કરવા કરતાં નામ દાખલ કરવાની ઓછી અરજીઓ મળી હતી.

ગાંધીનગર (ઉ) વિધાનસભા મત વિસ્તાર એ ૨૦૧૨માં પ્રથમવાર બનેલ વિસ્તાર છે. જેમાં ગાંધીનગર શહેર અને આસપાસના ૧૭ ગામોનો સમાવેશ થાય છે. ગાંધીનગર શહેરમાંથી વધી રહેલા સ્થળાંતર સહિતની બાબતોને ધ્યાને લેતાં મતદારોના નામ કમી કરવાની અરજીઓ વધારે મળી હોવાનું મનાઈ રહ્યું છે.

## બેઠકોની સમજુતી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંખ્યા નક્કી કરી દેવામાં આવી છે. એક લોકસભાના સાંસદની છ વિધાનસભા બેઠકોની ફોર્મ્યુલાના આધાર ઉપર બેઠકોની સંખ્યા નક્કી કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, લાલુ પ્રસાદ યાદવ અને નીતિશકુમારના મહાગઠબંધન દ્વારા પહેલાથી જ બેઠકોની વહેંચણીની જાહેરાત કરી દેવામાં આવી છે. જે મુજબ આરજેડી અને જેડીયુ ૧૦૦-૧૦૦ બેઠકો પર ચુંટણી લડશે. જ્યારે કોંગ્રેસ માટે ૪૦ બેઠકો છોડવામાં આવી છે. સમાજવાદી પાર્ટીને ઓછી બેઠકો ફાળવવામાં આવતા આ પાર્ટી પહેલાથી જ ગઠબંધનમાંથી નિકળી ચુકી છે. આવી સ્થિતિમાં બિહારમાં ચુંટણી વધારે રોમાંચક બની ગઈ છે. ભાજપ અને સાથી પક્ષો ચુંટણી માટેની રણનીતિ ઘડી કાઢવામાં વ્યસ્ત છે. આગામી દિવસોમાં સંયુક્ત રીતે પ્રચાર કરવામાં આવશે. રામવિલાસ પાસવાન અને જીતન રામ માંઝીની પાર્ટી વચ્ચે ખેંચતાણ હોવાના અહેવાલ મળી રહ્યા છે, પરંતુ આને વધુ મહત્વ અપાઈ રહ્યું નથી.

## ભાષા ભૂલી જઈશું તો

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. આગામી દિવસોમાં ડિઝીટલ વર્લ્ડમાં ત્રણ ભાષાનું મહત્વ જોવા મળશે જેમાં એક ભાષા હિન્દી પણ હશે. વડાપ્રધાને કહ્યું હતું કે, ધ્યાન માત્ર હિન્દીને પ્રોત્સાહન આપવા ઉપર હોવુ જોઈએ નહીં બલ્કે ભાષાના જતન ઉપર પણ ધ્યાન આપવું જોઈએ. જો અમે ભાષા સ્કોલર્સની ચેતવણીને ધ્યાનમાં લઈશું નહીં તો આ ભાષાઓની અવગણના થશે અને ઈતિહાસમાં બદલાઈ જશે. જો ભાષા નહીં હશે તો સાહિત્યનું જતન કરી શકાશે નહીં. અમેરિકી પ્રમુખ બરાક ઓબામા, રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન પણ હિન્દીમાં સબકા સાથ સબકા વિકાસની વાત કરી રહ્યા છે. ઈઝરાયલી વડાપ્રધાન પણ તહેવાર માટે હિન્દીમાં તેમની શુભેચ્છા સ્વિકારે છે.

## નંબર પ્લેટ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવી છે. જેના લીધે ઘસાયેલી નંબર પ્લેટ હોય તેવા કીસ્સામાં વાહનચાલકોને વિના મુલ્યે અગ્રતાના ધોરણે નંબર પ્લેટ બદલી આપવામાં આવશે. જયારે તુટેલી નંબર પ્લેટને બદલવા માટે વાહનચાલકોએ નિયત ફી ચુકવવાની રહેશે. તેમ પણ જણાંવાયુ છે. જેમાં ટુ વ્હીલર માટે ૧૨૦ અને ફોર વ્હીલર માટે ૩૫૧ રૂપિયા ફી પેટે વસુલવામાં આવે છે. ઘસાયેલી નંબર પ્લેટ બદલવા માટે વાહનચાલકોને ચકાસણીના અંતે સીધા જ પ્લેટ બદલી આપવામાં આવશે.

## વૃક્ષો કપાશે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે સર્વિસ રોડના કામગીરીને અનુલક્ષી રૂટમાં આવતા ૪ હજાર જેટલા વૃક્ષો કાપવા પડે તેમ છે. આ મામલે તંત્ર દ્વારા વન વિભાગની મંજુરી પણ લેવામાં આવી છે. જયારે વૃક્ષોના છેદનને અનુલક્ષી તંત્ર દ્વારા વન વિભાગને ૫૪ લાખનુ વળતર પણ ચુકવી દેવામાં આવ્યુ છે.

## વધુ અરજી

● આનુસંધાન છેલ્લાનું ચાલુ

જ્યારે નામ કમી કરવા માટેની અરજીઓ ગાંધીનગર (ઉ)માંથી ૭૫૭૮ મળી હતી. દહેગામમાંથી ૨૬૯૧, ગાંધીનગર (દ)માંથી ૫૪૯૦ અને



## ટેન્ડર નોટીસ

ગાંધીનગર જિલ્લા પંચાયત / તાલુકા પંચાયત / દહેગામ / કલોલ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી ૨૦૧૫ના કામે ગાંધીનગર જિલ્લા માટે નીચે જણાવેલ કામગીરી માટે જાહેર કોન્ટ્રાકટરો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે.

| અ. નં. | વિગત | ફોર્મ ફી રૂ. | ઈ.એમ.ડી. ડિપોઝીટ (રૂ.) | ટેન્ડર ફોર્મ ખોલવાનો સમય |
|---|---|---|---|---|
| ૧ | પ્રિન્ટીંગ | ૫૦૦ | ૨૦,૦૦૦ | ૧૬.૦૦ |
| ૨. | સ્ટેશનરી | ૫૦૦ | ૨૦,૦૦૦ | ૧૬.૦૦ |
| ૩. | ફર્નિચર/લાઈટીંગ વ્યવસ્થા/ મંડપ / કેટરીંગ વ્યવસ્થા | ૫૦૦ | ૧,૦૦,૦૦૦ | ૧૭.૦૦ |

ટેન્ડર ફોર્મ અત્રેની કચેરીની ચૂંટણી શાખામાંથી ઉપર જણાવેલ કિંમત તા. ૧૭/૯/૨૦૧૫ સુધીમાં મળી શકશે અને આ ફોર્મ તા. ૧૮/૯/૨૦૧૫ના ૧૬.૦૦ કલાક સુધીમાં ભરીને અત્રેની કચેરીમાં મળે તે રીતે રૂબરૂમાં પહોંચાડવાના રહેશે. આ ટેન્ડર ફોર્મ તા. ૧૮/૯/૨૦૧૫ના રોજ ઉપર જણાવેલ સમયે ખોલવામાં આવશે. ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) માટે રૂ. ૫૦૦/-નો સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, ગાંધીનગરનો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહીં ચૂકવવાપાત્ર) ટેન્ડર ફીની ચૂકવણી કર્યેથી મેળવવાનો તથા આપવાનો સમય કચેરીના કામકાજના દિવસો ૧૧.૦૦ થી ૧૬.૦૦ કલાકનો રહેશે.

સહી/-
કલેક્ટર અને
જિલ્લા ચૂંટણી અધિકારી
ગાંધીનગર

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૧૦/૯/૨૦૧૫
માહિતી/૧૪૫૯/૨૦૧૫-૧૬

## સોગંદનામું

આથી હું નીચે સહી કરનાર સાંખલા આશિષકુમાર હરીભાઈ ઉ.વ.આ. ૨૯, ધર્મે હિન્દુ, રહે. રામપુરાકંપા, તા. બાયડ, જી. અરવલ્લી (સા.કાં.)ના તે મારા ધર્મની સત્ય પ્રતિજ્ઞા ઉપર જાહેર કરી જણાવું છું કે,

અમો સોગંદનામું કરનાર ઉપરોક્ત જણાવેલ સરનામે રહીએ છીએ. અમો સોગંદનામું કરનારના નામે મોજે ધનસુરા, તા. ધનસુરાના રે.સ.નં. ૫૩૬ બ ૫ પૈકી (૧) ગ્રા.પં.મિ.નં. ૩૬૩૯ જેની સી.સ. નં. ૭૦૯/બ પૈકી સેકન્ડ ફલોર દુકાન નંબર ૩૦૩નું માપ કુલ ક્ષેત્રફળ ૧૩.૦૧ ચો.મી. અને (૨) ગ્રા.પં. મિ.નં. ૩૬૪૦ જેનો સી.સ. નં. ૭૦૯/બ પૈકી સેકન્ડ ફલોર દુકાન નંબર ૩૦૪નું માપ કુલ ક્ષેત્રફળ ૧૩.૦૧ ચો.મી.વાળી દુકાન નંગ-૨ અમોએ ખરીદેલ જેનો ઓરીજનલ (અસલ) દસ્તાવેજ અમો અમારા રહેઠાણ રામપુરાકંપાથી ધનસુરા કામ અર્થે આશરે બે - એક મહિના અગાઉ મારી મોટર સાયકલ ઉપર જતો હતો ત્યારે મારી મોટર સાયકલ ઉપર પ્લાસ્ટીકની થેલીમાં સદર અસલ દસ્તાવેજ તેમજ અગત્યના કાગળો મુકેલ હતા તે રસ્તામાં ક્યાંક ધનસુરા ચાર રસ્તા પાસે પડી ગયેલ છે. જેની શોધખોળ કરવા છતાં તે અમોને આજદિન સુધી મળેલ નથી. જે આ સોગંદનામુ કરી જાહેર કરેલ છે.

ઉપરોક્ત જણાવેલ તમામ હકીકત અમોએ અમારા ધર્મની સત્ય પ્રતિજ્ઞા ઉપર જાહેર કરેલ હોઈ તે સાચે સાચી અને ખરેખરી છે.

ખોટું સોગંદનામું કરવું તે ફોજદારી ગુન્હો બને છે તે હું જાણું છું.

સ્થળ : ધનસુરા
તારીખ : ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૫